પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૨૭, કુલ પાના:૪, તારીખ: ૨૦-૦૫-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 227 PRICE :-RS. 1.50 DATE : 20-05-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### તાઉ તે વાવાઝોડાએ ગુજરાતમાં વિનાશ વેર્યો, વડાપ્રધાને હવાઈ નિરીક્ષણ કર્યું

# હવાઈ નિરીક્ષણ બાદ વડાપ્રધાનનું ગુજરાતને ૧ હજાર કરોડનું રાહત પેકેજ



ગાંધીનગર,
રાજ્યમાં તાઉ-તે વાવાઝોડાએ વિનાશ વેર્યો છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસીય હવાઈ નિરીક્ષણ માટે આજે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમણે ભાવનગરથી હેલિકોપ્ટરમાં બેસી વાવાઝોડા બાદની સ્થિતિનું નિરીક્ષણ શરૂ કર્યું હતું. વડાપ્રધાન ૧ કલાક ને ૫૦ મિનિટ હવાઈ નિરીક્ષણ કર્યા બાદ અમદાવાદમાં વડાપ્રધાનની મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ રાજ્યના વરિષ્ઠ સચિવો સાથે સમીક્ષા બેઠક મળી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ અનિલ મુકીમ, આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિ બેઠકમાં જોડાયા હતા.

આ સમીક્ષા બેઠક બાદ પીએમ મોદીએ વાવાઝોડાને કારણે થયેલા કરોડોના નુકસાન સામે ગુજરાતને ૧૦૦૦ કરોડની પ્રારંભિક સહાય આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત સમગ્ર દેશમાં વાવાઝોડા દરમિયાન મૃત્યુ પામેલાને રૂ.૨ લાખનું અને ઈજાગ્રસ્તોને રૂ.૫૦,૦૦૦નું વળતર આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

### વાવાઝોડામાં મૃત્યુ પામેલને ૨ લાખ અને ઈજાગ્રસ્તોને ૫૦,૦૦૦નું વળતરનું એલાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં તાઉ તે વાવાઝોડાથી પ્રભાવિત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરીને આકલન કર્યા બાદ અમદાવાદ પહોંચીને સમગ્ર સ્થિતિની સર્વ ગ્રાહી સમીક્ષા અને પરિસ્થિતિની વિગતો એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં કરી હતી.મુખ્યમંત્રી વિજય રૂપાણી, મુખ્યસચિવ અનિલ મુકિમ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસ નાથન, મહેસૂલ અધિક મુખ્ય સચિવ પંકજ કુમાર આરોગ્ય અગ્ર સચિવ ડો.જયંતી રવિ તેમજ રાહત કમિશનર હર્ષદ પટેલ અને સાયન્સ ટેકનોલોજી સચિવ હારિત શુક્લાએ આ બેઠકમાં ઉપસ્થિત રહી વડાપ્રધાનને રાજ્યની આ વાવાઝોડા સ્થિતિનો ચિતાર આપ્યો હતો.

## તાઉ તે વાવાઝોડાએ રાજ્યમાં વિનાશ વેર્યો: મૃત્યુઆંક વધીને ૪૫ પર પહોંચ્યો



ગાંધીનગર,
તાઉ તે વાવાઝોડું સોમવારે દીવ અને ઉનાની વચ્ચે દરિયાકાંઠે ત્રાટક્યું હતું, જે બાદ સૌરાષ્ટ્ર અને અન્ય પ્રાંતોમાંથી આગળ વધ્યું હતું. આ વાવાઝોડું સવારે ૫.૩૦ વાગ્યે ડીપ ગુજરાત-રાજસ્થાન સરહદ પાસે ડિપ્રેશનમાંથી ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું હોવાનું હવમાન વિભાગ જણાવે છે. આગામી ૧૨ કલાક દરમિયાન તે હજી મંદ પડતું જશે. વાવાઝોડાથી સમગ્ર ગુજરાતમાં ભારે તારાજીના દ્રશ્યો સામે આવ્યાં છે. આ વાવાઝોડાને કારણે વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. આજે રાજ્યમાં વાવાઝોડાના કારણે મૃત્યુ આંકમાં વધારો થયો છે. ગુજરાતમાં આ વાવાઝોડાના કારણે મૃત્યુઆંક સીધો ૪૫ પર પહોંચી ગયો છે. આ મૃત્યુ મકાન ધસી પડવાથી, ઝાડ પડવાથી દીવાલ તૂટવાથી, તો કરંટ લાગવાથી થયાના સમાચાર મળી રહ્યાં છે.

અમરેલીમાં ૧૫ મોત થયા છે. જેમાં મકાન ધસી પડવાથી ૨, દીવાલ પડવાથી ૧૩ લોકોનાં મોત થયા છે. ભાવનગરમાં ૮ મોત નીપજ્યાં છે. જેમાં ઝાડ પડવાથી ૨, મકાન ધસી પડવાથી ૨, દીવાલ પડવાથી ૩, છત પડવાથી ૧ મોત થયા છે. ગીર સોમનાથમાં ૮ મોત નીપજ્યાં છે. જેમાં ઝાડ પડવાથી ૨, મકાન ધસી પડવાથી ૧, દીવાલ પડવાથી ૪, છત પડવાથી ૧ મોત થયા છે. અમદાવાદમાં કુલ ૫ મોત થયા છે. જેમાં વીજ કરંટથી ૨, દીવાલ પડવાથી ૨ અને છત પડવાથી ૧નું મોત થયું છે. ખેડામાં ૨ના મોત થયા છે જેમા વીજ કરંટથી બંન્નેના મોત થયા છે. આણંદમાં ૧ મૃત્યુ વીજ કરંટથી, વડોદરામાં ૧ મૃત્યું ટાવર પડી જવાથી, સુરતમાં ૧ મૃત્યુ ઝાડ પડી જવાથી, વલસાડમાં ૧ મૃત્યુ દીવાલ પડવાથી, રાજકોટમાં ૧ મૃત્યુ દીવાલ પડવાથી, નવસારીમાં ૧ મૃત્યુ છત પડવાથી, પંચમહાલમાં ૧ મૃત્યુ ઝાડ પડી જવાથી થયું છે.

સોમવારે ૮.૩૦ કલાકની આસપાસ દીવ નજીક ત્રાટકેલા વાવાઝોડાએ મંગળવારે રાતે આશરે ૧૧.૩૦ કલાકે ગુજરાતમાંથી વિદિય લઈને રાજસ્થાન પહોંચ્યું હતું, રાજ્યમાં આવ્યું ત્યારે તે વેરી સિવિયર સાયક્લોનિક સ્ટ્રોમ હતું અને ગયું ત્યારે ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈને ગયું છે. વાવાઝોડાએ સૌપ્રથમ સૌરાષ્ટ્રમાં તારાજી સર્જ્યા બાદ દક્ષિણ ગુજરાત, ત્યારબાદ અમદાવાદ અને ઉત્તર ગુજરાતમાં તારાજી સર્જી છે. કેટલીક જગ્યાએ ઘરોના પતરા-નળીયા નીકળી ગયા તો ક્યાંક ઝાડ અને વીજપોલ પડી ગયા.

## કોરોનાએ બધા જ રેકોર્ડ તોડ્યા: ૨૪ કલાકમાં ૪૫૨૯ દર્દીના મોત



ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોના વાયરસના કેસમાં સતત થઈ રહેલો ઘટાડો રાહત આપી રહ્યો છે તો બીજી તરફ વધી રહેલા મૃત્યુઆંક ચિંતાનું કારણ બની રહ્યા છે. ફરી એકવાર દેશમાં કોરોનાના એક દિવસમાં નોંધાતા મૃત્યુઆંકે નવો રેકોર્ડ નોંધાવ્યો છે. એકાદ બે દિવસને બાદ કરતા દેશમાં ૧૨ દિવસથી નવા કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આજે સવારે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે પાછલા ૨૪ કલાકમાં દેશમાં ફરી એકવાર કોરોનાના મોતનો આંકડો ૪૦૦૦ને પાર જવાની સાથે એક જ દિવસમાં ૪,૫૨૯ મૃત્યુઆંકે નવો રેકોર્ડ નોંધાવ્યો છે. જ્યારે ૨૪ કલાકમાં વધુ ૨,૬૭,૩૩૪ લોકો કોરોનામાં સપડાયા છે.

ભારતમાં કોરોનાના કુલ કેસનો આંકડો અઢી કરોડને પાર કરીને ૨,૫૪,૯૬,૩૩૦ થઈ ગયો છે, જ્યારે વધુ ૩,૮૯,૮૫૧ દર્દીઓ સાજા થતા કોરોનાને હરાવીને કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૨,૧૯,૮૬,૩૬૩ પર પહોંચી ગઈ છે. દેશમાં કુલ કોરોનાથી થયેલા મૃત્યુની સંખ્યા ૨,૮૩,૨૪૮ થઈ ગઈ છે.

દેશમાં પાછલા કેટલાક સમયથી નવા કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે જેમાં ૩ દિવસથી આંકડો ત્રણ લાખથી નીચે નોંધાઈ રહ્યો છે જેની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા વધી રહી છે જેના લીધે એક્ટિવ કેસ ઘટીને ૩૨,૨૬,૭૧૯ થઈ ગયા છે.

પાછલી ૬ મેના રોજ કોરોનાના કેસ પીક પર પહોંચ્યા બાદ તેમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. જોકે, પાછલા ૧૨ દિવસથી નવા કેસમાં ઘટાડો છતાં દુનિયાના કોઈ દેશમાં નોંધાતા કેસમાં સૌથી વધારે કેસ નોંધાઈ રહ્યા છે. ભારતમાં ૨.૬૭ લાખ કેસની સરખામણી વિશ્વ આરોગ્ય સંસ્થાના ગ્લોબલ ડેટા સાથે કરીએ તો દુનિયામાં કોરોનાના દૈનિક કેસમાં બ્રાઝિલ બીજા નંબર પર આવે છે, જ્યાં ૨૪ કલાકમાં ૪૦,૮૪૧ કેસ સામે આવ્યા છે. આ પછી અમેરિકા (૧૭,૯૮૪), અર્જેન્ટિના (૧૬,૩૫૦) અને કોલમ્બિયા (૧૫,૦૯૩)નો નંબર આવે છે. આ સિવાય દુનિયાના કોઈ પણ દેશમાં ૧૫,૦૦૦ કે તેનાથી વધારે કેસ નથી આવતા.

કોરોના વાયરસનું મહારાષ્ટ્ર હોટસ્પોટ હતું પરંતુ હવે તે નંબર ૪ પર પહોંચી રહ્યું છે, અને એક્ટિવ કેસના મામલે તે બીજા નંબરે થઈ ગયું છે. કર્ણાટકામાં દેશમાં સૌથી વધુ ૫,૭૫,૦૨૮ એક્ટિવ કેસ છે, જ્યારે મહારાષ્ટ્રમાં એક્ટિવ કેસની સંખ્યા ૪,૧૯,૭૨૭ નોંધાઈ છે.

આઈસીએમઆર મુજબ ૧૮ મે સુધીમાં કુલ ૩૨,૦૩,૦૧,૧૭૭ લોકોના કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે, જેમાંથી મંગળવારે ૨૦,૦૮,૨૯૬ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે.

ભારતમાં ૧૬ જાન્યુઆરીએ શરુ થયેલા કોરોના રસી અભિયાનમાં અત્યાર સુધીમાં કુલ ૧૮,૫૮,૦૯,૩૦૨ ડોઝ આપવામાં આવ્યા છે.

## કેન્દ્ર તરફથી રાજ્યોને કોરોના રસીના ૨૦ કરોડ ૭૮-લાખ ડોઝ અપાયા

ન્યુ દિલ્હી,
કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે તેણે દેશવ્યાપી રસીકરણ ઝુંબેશ અંતર્ગત રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને અત્યાર સુધીમાં કોરોનાવાઈરસ પ્રતિરોધક રસીઓના ૨૦ કરોડ ૭૮ લાખ ડોઝ પૂરા પાડ્યા છે. કેન્દ્ર સરકાર મફતમાં કોવિડ રસીઓ પૂરી પાડીને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મદદરૂપ થઈ રહી છે.

મંત્રાલયે વધુમાં કહ્યું છે કે નાગરિકોને આપવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે હજી એક કરોડ ૯૪ લાખથી વધુ કોવિડ રસીનાં ડોઝ પડ્યા છે. કેન્દ્ર તરફથી એમને આગામી ત્રણ દિવસોમાં બીજા એક લાખ ડોઝ આપવામાં આવશે. દેશમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ રસીના ૧૮ કરોડ ૫૭ લાખ ડોઝ આપવામાં આવી ચૂક્યા છે. આમાં ૬૬ લાખ ૫૮ હજાર આરોગ્યકર્મીઓ એવા છે જેમણે રસીના બંને ડોઝ લઈ લીધા છે. ૬૦ વર્ષથી ઉપરની વયના ૭૯ લાખ નાગરિકોએ કોરોના રસીના બંને ડોઝ લઈ લીધા છે.

## વાવાઝોડાથી ધોવાઈ ગયેલા ખેતરોનો સર્વે કરીને સહાય ચૂકવશે સરકાર

ગાંધીનગર,
તાઉ તે વાવાઝોડાથી ગુજરાતના અનેક ખેતરો ધોવાઈ ગયા છે. ખેતરોમાં રહેલા ઉભા પાકને ભારે નુકસાની થઈ છે. જેમાં સૌરાષ્ટ્રના ગામડામાં મોટું નુકસાન થયું છે. ત્યારે સરવે કરાવીને તાત્કાલિક સહાય આપવા ખેડૂતો દ્વારા માંગણી કરવામાં આવી હતી. ત્યારે મુખ્યમંત્રી દ્વારા તાત્કાલિક અસરથી ગુજરાતના અસરગ્રસ્ત ખેતી વિસ્તારોનો સરવેની કામગીરી કરીને સહાય ચૂકવવાના આદેશ કરવામાં આવ્યા છે

આ વિશે મહેસૂલ મંત્રી કૌશિક પટેલે કહ્યુ કે, જે નુકસાન થયું છે તેનો સરવે કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. એસડીઆરએફના નિયમો પ્રમાણે ખેડૂતોને સહાયતા ચૂકવવામાં આવશે. મુખ્યમંત્રી દ્વારા તાત્કાલિક અસરથી સર્વેની કામગીરી કરીને સહાય ચૂકવવાના આદેશ કરવામાં આવ્યા છે. વાવાઝોડાથી રાજ્યના ઘણા વિસ્તારોમાં નુકસાન થયું છે. જેના સરવેની કામગીરી સત્વરે હાથ ધરવા સંબંધિત જિલ્લા અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થિતિ સામાન્ય થવા લાગી છે ત્યારે રાહત કામગીરી ઝડપથી શરૂ કરાશે.

## રાજસ્થાન સરકારે મ્યૂકર માઈકોસિસને મહામારી જાહેર કરી: જાહેરનામું બહાર પાડ્યું

જયપુર,
રાજસ્થાન સરકારે કોરોના સંક્રમણથી સ્વસ્થ થનારા દર્દીઓમાં સામે આવી રહેલા મ્યૂકર માઈકોસિસ રોગને મહામારી ઘોષિત કરી દીધી છે. રાજ્યના તબીબી અને આરોગ્ય વિભાગે આ સંદર્ભમાં એક જાહેરનામું બહાર પાડ્યુંછે. મુખ્ય સરકારી સ્વાસ્થ્ય સચિવ અખિલ અરોરા દ્વારા જારી કરાયેલ એક સૂચના અનુસાર, બ્લેક ફંગસના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા અને કોરોના વાયરસના ચેપની આડઅસર તરીકે, કોવિડ-૧૯ની કોરોના અસરને કારણે મ્યુકર માઈકોસિસના દર્દીઓની સંખ્યામાં સતત વધારો અને બ્લેક ફૂગની એકીકૃત અને સંકલિત સારવાર આપવાને લઈ આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજસ્થાન મહામારી અધિનિયમ ૨૦૨૦ની કલમ ૩ની ધારા ૪ અંતર્ગત મ્યૂકર માઈકોસિસને સંપૂર્ણ રાજ્યમાં મહામારી તથા અધિસૂચનિય રોગ તરીકે જાહેર કરાયો છે. ઉલ્લેખનિય છે કે, મુખ્યમંત્રી અસોક ગેહલોતે કેટલાક દિવસ પહેલા રાજસ્થાન સહિત દેશના વિભિન્ન રાજ્યોમાં કોરોના વાયરસ સંક્રમણથી સ્વસ્થ થયેલા દર્દીઓમાં મ્યૂકર માઈકોસિસ બીમારીના મામલા સામે આવતા ચિંતા વ્યક્ત કરી છે. નિષ્ણાંતોના મતે કોરોના વાયરસથી સ્વસ્થ થયેલા ડાયાબિટીઝના દર્દીઓમાં આ રોગ વધી રહ્યો છે. આ રોગમાં પીડિત આંખો ગુમાવવાથી, જડબાને નિકાળવા સુધીનો ખતરો થાય છે. રાજસ્થાનમાં ૧૦૦ જેટલા દર્દીઓ બ્લેક ફંગસથી અસરગ્રસ્ત છે. આ તમામની સારવાર માટે, જયપુરની સવાઈ માનસિંહ હોસ્પિટલ (એસએમએસ હોસ્પિટલ, જયપુર)માં એક અલગ વોર્ડ બનાવવામાં આવ્યો છે, જ્યાં આખા પ્રોટોકોલ પ્રમાણે સારવાર કરવામાં આવી રહી છે.

## પી.વિજયન આજે કેરળના મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કરશે



કોચ્ચિ,
કેરળમાં પિનારાયી વિજયન ગુરૂવારે કેરળના મુખ્યમંત્રીપદના શપથ લેશે. વિજયન સાથે ૨૧ પ્રધાનો શપથ લેશે પણ તેમાં જૂની સરકારના એક પણ મંત્રી નહીં હોય. સીપીએમ દ્વારા બહાર પડાયેલી યાદીમાં વિજયનને બાદ કરતાં બાકીના તમામ નવા ચહેરા છે.

આ યાદીમાં જૂના મંત્રીમંડળના દિગ્ગજોનાં પત્તાં કાપી દેવાયાં છે. બીજી તરફ વિજયનના જમાઈ પી.એ. મોહમ્મદ રિયાઝનું નામ છે તેના કારણે એવી ચર્ચા શરૂ થઈ છે કે, ડાબેરીઓ પણ હવે વંશવાદી રાજકારણ તરફ વળ્યા છે અને રિયાઝને વિજયન પછીના નેતા તરીકે પ્રમોટ કરવા માટે જૂના નેતાઓને કોરાણે મૂકી દેવાયા છે.

વિજયને કોરોના કાળમાં જોરદાર કામગીરી કરનારાં આરોગ્ય પ્રધાન કે.કે. શૈલજાને પણ પડતાં મૂકી દીધાં છે તેના કારણે આ ચર્ચાને વેગ મળ્યો છે. શૈલજાએ કોરોના સામેની લડતમાં દેશના તમામ રાજ્યો માટે ઉદાહરણરૂપ કામગીરી કરી હતી. આ કામગીરીના કારણે સૌ તેમને 'રોકસ્ટાર હેલ્થ મિનિસ્ટર' ગણાવતાં હતાં. શૈલજાની વધેલી લોકપ્રિયતાના કારણે પોતાના જમાઈ માટે ખતરો ઉભો ના થાય એટલે વિજયને તેમને કોરાણે મૂકી દીધાં છે.

## કોરોના વેક્સિન ઘટી રહી છે, મૃત્યુ વધી રહ્યા છે: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,
કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે વધુ એક વખત કોરોના વેક્સિનના મુદ્દે કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યો છે. કોંગ્રેસના સાંસદે જણાવ્યું કે કોરોનાને પગલે મોતમાં વધારો થઈ રહ્યો છે જ્યારે વેક્સિનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર કોરોના વેક્સિનમાં ઘટાડાને છૂપાવવા લોકોનું ધ્યાન ભટકાવી રહી છે તેવો આક્ષેપ રાહુલ ગાંધીએ કર્યો હતો. કેન્દ્ર સરકારની નીતિ છે કે, ધ્યાન બીજે દોરો, જુઠ્ઠાણા ચલાવો અને બૂમબરાડા કરીને સત્યને છુપાવી દો.

રાહુલ ગાંધીએ પોતાના દાવાને પુરવાર કરવા એક ગ્રાફ પણ ટ્વીટ કર્યો હતો જેમાં કોવિડ -૧૯થી મોતમાં વધારો અને કોરોના સામે રક્ષણ આપવા માટેના રસીકરણમાં ઘટાડાના આંકડા દર્શાવવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીએ લખ્યું હતું કે વેક્સિન ઘટી રહી છે અને કોરોનાથી મોત વધી રહ્યા છે. લોકોનું ધ્યાન ભટકાવવું, અસત્ય ફેલાવવું અને દેકારો કરીને તથ્યોને છૂપાવવા તે કેન્દ્રની નીતિ છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શ્રી કૃષ્ણ મહિલા બચત મંડળી
મુ. કુન્દાવાડા, તા. ધાનપુર



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



કંજેટાવાલા મોઈજભાઈ હસનભાઈ
મુ. સીંગાવલી, તા. ધાનપુર




કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



પસાયા મહેશભાઈ નગરસિંહ
મુ. રાછવા-ટેકરી (ફ), તા. ધાનપુર

# જિલ્લામાં આજે ૫૦ પોઝિટિવ કેસ નોંધાયા : જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૮૩૨ દર્દીઓ સ્વસ્થ થઇ સ્વગૃહે પરત ફર્યા



લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૮ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૧ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૧૬ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૯-૦૫-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૬૯૬૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૨૦ સ્ત્રીં, ૨૨ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૧૪ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૫પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૩ સ્ત્રી, ૦૯ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૧૮ સ્ત્રી, ૧૯ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૫ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**
કડાણા-૦૯
લુણાવાડા-૨૦
સંતરામપુર-૨૧

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૫૮૩૨ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૨૫૭૮૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૬૩૨ દર્દી હોમ આઈસોલેશન, ૪૫ દર્દી એસ.ડી.એચ.સંતરામપુર, ૮૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૬૦ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૮૬૫ દર્દીઓ સ્ટેબલ, ૧૮૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૧૦ વેન્ટીલેટર પર છે.

## મહીસાગર જિલ્લામાં આવેલ ડાયનાસોર ફોસીલ પાર્ક મ્યુઝીયમ રૈયોલી ૩૧ મે સુધી બંધ

લુણાવાડા,
નોવેલ કોરોના વાયરસના કારણે હાલમાં બાલાશિનોર તાલુકામાં પણ દિન પ્રતિદિન કોરોના વાયરસનું સંક્રમણનો ફેલાવો વધુ ને વધુ થઇ રહેલ છે. જેને કારણે તાલુકામાં પણ કોરોના વાયરસના કેસોમાં વધારો થયેલ છે. તે અનુસંધાને જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રસિધ્ધ કરેલ જાહેરનામાના સંદર્ભમાં તા.૨૧/૦૫/૨૦૨૧ સુધીના સમય દરમ્યાન મેળાવડા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે. જેને દયાને લેતા બાલાશિનોર તાલુકામાં સંક્રમણને નિયંત્રણ કરવા તથા તકેદારીના ભાગરૂપે COVID-19 વાયરસના સંક્રમણ અટકાવવા કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે તેમજ બહારના તથા સ્થાનિક પ્રવાસીઓ ભેગા ન થાય અને વધી રહેલ સંક્રમણને નિયંત્રણ કરવા તથા તકેદારીના ભાગરૂપે વાયરસનો સંક્રમણ અટકાવવા લોકોની ભીડ એકત્રીત ન થાય અને કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે હેતુસર તાત્કાલિક અસરથી બાલાસિનોર તાલુકામાં આવેલ ડાયનાસોર ફોસીલ પાર્ક મ્યુઝીયમ રૈયોલી, તા.બાલાસિનોર જી.મહીસાગર તા.૩૧/૦૫/૨૦૨૧ સુધી ડાયનાસોર ફોસીલ પાર્ક મ્યુઝીયમ રૈયોલી જાહેર સ્થળ બંધ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા સભ્ય સચિવ ડાયનાસોર ફોસીલ પાર્ક વિકાસ સોસાયટી, રૈયોલી અને મામલતદાર બાલાસિનોર દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## હાલોલના ધાબાડુંગરી પાસે ખેતરમાં દિવાલ પડતા યુવાનનું મોત

હાલોલ,
નવાડના અને મજુરી કરી ગુજરાત ચલાવતા કાંતાબેન દર્શનભાઈ રાઠવાના પુત્ર દિલીપ ને મયુરી વરસાદ વરસતા ઘરે હતા દરમિયાન કાંતાબેનતના ઘરની બાજુમાં આવેલ ખેતરની ઉંચી દિવાલ ધરાશાઈ થતાં કાટમાળ નીચે કાંતાબેન તથા પુત્ર દબાઈ જતા દિલીપનુ મોત નીપજ્યુ હતુ. જયારે કાંતાબેન અને મયુરીને સારવાર માટે રેફરલમાં ખસેડાયા હતા. જયાં કાંતાબેનની હાલત નાજુક હોવાની જણાતા તેઓને વધુ સારવાર માટે વડોદરા રિફર કરાયા હતા.

હાલોલ પ્રાંત આલોક ગૌતમ મામલતદાર રૂરલ પી.આઈ. ફાયરબ્રિગેડની ટીમ દોડી આવી હતી જયાં દિલીપના મૃતદેહને પીએમ માટે રેફરલ મોકલી અપાયો હતો. મૃતકની માસીએ જણાવ્યુ હતુ કે, બાજુના ખેતરવાળા મકાનને અડીને ઉંચી દિવાલ બનાવતા હતા તે જ વખતે અમે વિરોધ કરી ક્હ્યુ કે દિવાલ પડી જશે તો મોટી હોનારત સર્જાશે તેમ છતાં દિવાલ બનાવી હતી. આજે દિવાલ પડતા મારા ભત્રીજાનુ મોત નીપજ્યું છે તેમની સામે કાર્યવાહી થવી જોઈએ. તેવુ જણાવ્યુ હતુ. હાલ આ અંગે હાલોલ રૂરલ પોલીસે તપાસ હાથ ધરી છે.

## હાલોલના રૂપાપુર પાસે કેનાલમાં પગ લપસતા જમ્મુ કાશ્મિરના રહેવાસીનું મોત

હાલોલ,
જમ્મુ કાશ્મિર રાજોરી ખાતે તાલુકા દરહાલ મહુંલ ગામે રહેતા અરસાદ અહમદ ગુલામુદ્દીન ચૌધરી બાસ્કા બોમ્બે કરિયર ટ્રાન્સપોર્ટમાં ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. જેમાં અરસાદ ખાનગી કંપનીમાંથી સામાન ભરી દમણ બોમ્બે બેંગ્લોર હૈદરાબાદ જેવા રૂટ પર ટ્રક ચલાવતો હતો. જેમાં ડિસેન્ટ હોટલ પર ટ્રક મુકી નર્મદા કેનાલના પગથિયા પર બેસી ન્હાઈ-ધોઈ રહ્યો હતો તે દરમિયાન અરસાદનો પગ લપસતા તે પાણીમાં ડુબવા લાગ્યો હતો. ગરકાવ થયેલા અરસાદને શોધવા માટે સાથી ટ્રક ડ્રાઈવરોએ કેનાલમાં તપાસ કરતા રૂપાપુર ખાતે નર્મદાથી મુખ્ય કેનાલમાં અરસાદનો મૃતદેહ પાણીમાંથી મળતા બહાર કાઢી રેફરલ હોસ્પિટલ ખાતે પી.એમ. માટે લઈ જવાયો હતો. અરસાદના ભાઈ સહિત અન્ય જમ્મુકાશ્મિરના ટ્રક ચાલકોને જાણ થતાં તેઓ હાલોલ દોડી આવ્યા હતા. જેમાં તેઓના ભાઈ મુનાફ અહમદે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે એ.ડી.નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## હાલોલના ટીમ્બી પાટીયા પાસે ખેતરમાં કંપાઉન્ડ વોલની દિવાલ પડતાં માતા-પુત્રનું મોત

હાલોલ,
હાલોલ તાલુકાના ટીમ્બી પાટીયા નજીકમાં ખેતરમાં કંપાઉન્ડ વોલની દિવાલની બાજુમાં એક પરિવાર રહેતો હતો. તાઉ તે વાવાઝોડામાં કંપાઉન્ડ વોલ દિવાલ પડતા પરિવારના માતા-પુત્રનું મોત નિપજાવા પામ્યું છે. તાઉ તે વાવાઝોડાની અસર રાજયભરમાં જોવા મળી હતી અને પંચમહાલ જીલ્લો પણ તાઉ તે વાવાઝોડાની અસરને લઈ ભારે પવનો અને વરસાદ ખાબકયો હતો. હાલોલ તાલુકામાં સૌથી વધુ વરસાદ જોવા મળ્યો છે. વાવાઝોડામાં ફુંકાયેલા ભારે પવનોને લઈ હાલોલ તાલુકાના ટીમ્બી પાટીયા નજીક ખેતરમાં શ્રમજીવી પરિવાર રહેતા હોય કંપાઉન્ડ વોલની બાજુમાં રહેતા હોય તે કંપાઉન્ડ વોલની દિવાલ ધરાશાહી થતાં પરિવારના માતા-પુત્ર ઉપર પડતા મોત નિપજાવા પામ્યું હતું. માતા-પુત્રના મોત થતાં પરિવારમાં ભારે રોષનો માહોલ જોવા મળ્યો.

## વેજલપુર થી સુરત કત્તલ માટે લઈ જવાતા ૧૯ ગૌવંશને પોલીસે બચાવ્યા



વેજલપુર,
પંચમહાલ જીલ્લામાં કાલોલ તાલુકાના વેજલપુર ગામે થી આઈસર ટેમ્પોમાં કત્તલના ઈરાદે ગૌવંશ ભરીને સુરત લઈ જવાઈ રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૧૯ પશુઓને બચાવી લઈને પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પશુ અત્યાચાર અધિનિયમ અંતર્ગત ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના વેજલપુર ગામેથી આઈસર ટેમ્પો નંબર જીજે.૧૫.એટી.૭૭૭૧માં ગૌવંશને ક્રુરતાપૂર્વક ઘાસચારો કે પાણી વગર કત્તલના ઈરાદે ભરીને સુરત લઈ જવાઈ રહ્યા છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેડ કરી આઈસર ટેમ્પો માંથી કત્તલ માટે લઈ જવાતા ૧૯ ગૌવંશને બચાવી લીધા હતા અને ગૌવંશને પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પશુઅત્યાચાર હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવહી હાથ ધરી છે.

## બી. ફાર્મસી કોલેજ, રામપુરાનું ગૌરવ




ગોધરા,
ગોધરા શહેરના રામપુરા વિસ્તારમાં આવેલી બી. ફાર્મસી કોલેજની યશ કલગીમાં વધુ એક ઉમેરો થયો છે. જાન્યુઆરી ૨૦૨૧ માં જીટીયુ દ્વારા લેવાયેલી ૩ જા સેમિસ્ટરની ઓફલાઇન પરીક્ષામાં કોલેજની બે છાત્રાઓએ જીટીયુ યુનિવેર્સિટીમાં ટોપટેનમાં સ્થાન મેળવ્યું છે. જેમાં રાઉલ્જી દુર્ગેશ્વરી પ્રથમ સ્થાને અને ગોહેલ શ્રેયા આઠમાં સ્થાને જીટીયુમાં રેન્ક મેળવીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ બને છાત્રાઓએ જીટીયુમાં રેન્ક મેળવવા માટેનો શ્રેય તેમના માતા-પિતા, કોલેજ મેનેજમેંટ તથા સ્ટાફ ને આપ્યો છે.

સંસ્થાના ચેરમેન જગદીશ આર પટેલ અને વાઇસ ચેરમેન રાજેશ આર પટેલ, કોલેજના પ્રિન્સિપાલ ડો. એન. વી. શંકર, વાઇસ પ્રિન્સિપાલ ડો. સુરેશ જૈન તથા સ્ટાફે બંને છાત્રાઓને શુભેચ્છા પાઠવી તેમની સિદ્ધિ ને બિરદાવી છે.

# મહીસાગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૪૮૩ મી.મી. વરસાદ નોંધાયો

**વિરપુર તાલુકામાં સૌથી વધુ ૯૬ મી.મી. અને સૌથી ઓછો સંતરામપુર તાલુકામાં ૫૧ મી.મી. વરસાદ નોંધાયો**

લુણાવાડા,
અરબી મહાસાગરમાં સર્જાયેલા તાઉ-તે વાવાઝોડાની પૂરોગામી તથા અનુગામી અસરને પગલે મહીસાગર જિલ્લામાં ભાવે પવન ફૂંકાવાની શકયતા તથા વરસાદ પડવાની શકયતાને ધ્યાને કોઈપણ પ્રકારના જાન-માલને નુકશાન ન થાય તે માટે જિલ્લાવ કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી-પોલીસ અને જિલ્લા પંચાયત દ્વારા ખાસ કરીને કોવિડને સ્થિતિને ધ્યાને રાખીને આગોતરૂં સુચારૂં વ્યવસ્થાપન ઘડી કાઢવામાં આવ્યુંન હતું.

અરબી મહાસાગરમાં સર્જાયેલ તાઉ-તે વાવાઝોડાએ તા. ૧૬મીના રોજ રાત્રિના ૮-૦૦ વાગ્યા પછી ગુજરાતમાં પ્રવેશ કર્યો ત્યારબાદ ગઈકાલે તા. ૧૮મીના રોજ સમગ્ર દિવસ દરમિયાન જિલ્લામાં પવનની ગતિ મદ્યમ રહેવા પામી હતી. પરંતુ મોડી સાંજના પવનની ગતિ મદ્ય મથી ૪૦ કિ.મી. સુધીની નોંધાવા પામી હતી. જયારે સમગ્ર દિવસ દરમિયાન સમગ્ર જિલ્લામાં હળવો વરસાદ ચાલુ રહેવા પામ્યો હતો. અને જિલ્લાનું સમગ્ર જનજીવન સામાન્યી અને પૂર્વવત રહેવા પામ્યું હતું.

મહીસાગર જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાના કારણે જિલ્લાના ચાર-પાંચ સ્થળોએ વૃક્ષો પડવાના બનાવ બનવા સિવાય કોઈ ખાસ બનાવ કે ઘટના બનવા પામી હોવાના સમાચાર પ્રાપ્ત થયેલ નથી. જિલ્લાના જે સ્થળોએ ઝાડ પડવાના બનાવો બનવા પામ્યા હતા. તે માર્ગો પરથી ગણતરીના સમયમાં જ વન વિભાગ અને માર્ગ-મકાન વિભાગ તેમજ પોલીસ તંત્રના સહયોગથી હટાવી દઈને અવર-જવર માટે ખુલ્લાં મૂકી દેવામાં આવ્યાા હતા. આ સિવાય બાકોર ખાતે વીજપુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો. તેની જાણકારી મળતાં જ એમજીવીસીએલની કવીક રીસ્પોન્સ ટીમ દ્વારા યુદધના ધોરણે કામગીરી કરીને વીજપુરવઠો યથાવત કરી દેવામાં આવ્યો હતો. આ સિવાય મહીસાગર જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાના કારણે કોઈપણ પ્રકારની માલ-મિલકતને નુકશાન થયું હોવાના કે વીજળી પડવાની કે કોઈપણ પ્રકારની જાનહાનિ થવાના સમાચાર પ્રાપ્ત થયેલ નથી. કોઇ રસ્તાઓ બંધ થવા પામેલ હોવાની વિગતો પણ પ્રાપ્ત થયેલ નથી.

મહીસાગર જિલ્લામાં વીતેલા ચોવીસ કલાક દરમિયાન ૪૩૮ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં સૌથી વધુ વિરપુર તાલુકામાં ૯૬ મી.મી. અને સૌથી ઓછો સંતરામપુર તાલુકામાં ૫૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. જયારે બાકીના લુણાવાડા તાલુકામાં ૬૫ મી.મી., ખાનપુર તાલુકામાં-૬૭ મી.મી., કડાણા તાલુકામાં-૬૭ મી.મી. અને બાલાસિનોર તાલુકામાં ૯૨ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો હતો.

જિલ્લા કલેકટર આર.બી.બારડના માર્ગદર્શન હેઠળ ઘડી કાઢવામાં આવેલ સુચારૂં વ્યવસ્થાપન અને વહીવટીતંત્રની ગતિશીલતાને કારણે મહીસાગર જિલ્લામાં કોઈ જાનહાનિ કે માલ-મિલ્કતને નુકશાન થવા પામેલ નથી અને જિલ્લાનુ જનજીવન રાબેતા મુજબનું અને પૂર્વવત રહેવા પામ્યું હતું. મહીસાગર જિલ્લમાં તાઉ-તે વાવાડઝોડાના કારણે આમ ખાસ કોઈ અસર જોવા ન મળતા જિલ્લાના નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## કોરોનામાં અવસાન પામેલા શિક્ષકોના પરિવારને મદદરૂપ થવા મહિસાગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આવેદન

લુણાવાડા,
મહિસાગર જિલ્લામાં કોરોનાના કારણે અવસાન પામેલા શિક્ષકોના પરિવારોને સહાય કરવા માટે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ પ્રમુખ હસમુખ પટેલ સંગઠન મંત્રી પ્રદિપ પટેલ સહિત અગ્રણિ હોદ્દેદારો દ્વારા જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારી પી.એન. મોદીને આવેદન આપવામાં આવ્યુ હતુ જેમાં જણાવવામાં આવ્યુ છે કે, સમગ્ર વિશ્વામાં કોરોના મહામારીમાં કેટલાય લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે તેમાં જિલ્લાના કેટલાંક શિક્ષક ભાઈ-બહેનોએ પણ આ મહામારીમાં જીવ ગુમાવ્યો છે. મહિસાગર રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘ જિલ્લાના તમામ શિક્ષક ભાઈ-બહેનો દ્વારા અવસાન પામેલ શિક્ષક ભાઈ-બહેનોના પરિવારજનોને મદદરૂપ બનવા દરેક શિક્ષકના સંમતિથી રૂ.૫૦૦ આપી અવાસન પામેલ દરેક શિક્ષક પરિવારને સરખા ભાગે સહાય માટે સંમત છે. તો આ અંગે અન્ય સંગઠનોની સાથે સંયુકત રીતે પરામર્શ કરી સર્વાનુમતે નિર્ણય કરી જિલ્લાના બધાજ શિક્ષકોના પગારમાંથી રૂ.૫૦૦ કાપી બધા જ સંગઠનોની જિલ્લા શિક્ષક અધિકારીની અદ્યક્ષતામાં સંમતિ બનાવી સુચારૂ વ્યવસ્થા ગોઠવી દરેક સંગઠનના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં આવા પરિવારોને મદદ કરી શકાય તે માટે આયોજન કરવા જણાવાયુ છે.

## દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતની બે વ્યકિતના મોત

દાહોદ,
દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે જણાના મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ધાનપુર તાલુકાના કુંદાવાડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૮મી મેના રોજ એક તુફાન ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી ચાલતાં પસાર થઈ રહેલા મંગીબેન (રહે.કુંદાવાડા, આદિવાસી ફળિયું, તા.ધાનપુર, જિ.દાહોદ) નાને અડફેટમાં લેતાં મંગીબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું મોત નીપજ્યું હતું. આ સંબંધે કુંદાવાડા ગામે આદિવાસી ફળિયામાં રહેતાં વેચાતભાઈ ખાપરભાઈ ડીંડોરે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૮મી મેના રોજ સુરેશભાઈ જસવંતસિંહ બારીયા (રહે.ધામણોદ, સડક ફળિયું, તા.શહેરા, જિ.પંચમહાલ) પોતાના કબજાની મોટરસાઈકલ લઈ લીમડી દુધસીત કેન્દ્ર ખાતેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સુરેશભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારી નાસી જતાં સુરેશભાઈ મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયાં હતાં અને જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે ધામણોદ ગામે, સડક ફળિયામાં રહેતાં મુકેશકુમાર જસવંતસિંહ બારીયાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## તાઉતે વાવાઝોડાની એકિઝટ: ST દ્વારા ૧૦૦૦ બસો શરુ કરાઈ

ગાંધીનગર,
ગુજરાતમાં વાવાઝોડુ અમદાવાદ થઈને ઉત્તર ગુજરાત તરફ આગળ વધી રહ્યું હોવાથી સમગ્ર ગુજરાતની એસટી બસના રૂટ હંગામી ધોરણે બંધ કરવામાં આવ્યાં હતા. પરંતુ હાલ એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. તાઉ તેની અસર ઓછી થતા ST વિભાગે ફરી એકવાર મોટો નિર્ણય કર્યો છે. સારા રોડ રસ્તા હોય ત્યાં એસટી બસ શરૂ કરવા સૂચના આપી દેવામાં આવી છે. ભાવનગર, અમરેલીમાં સર્વે કરી બસ શરૂ કરાશે. ૧૨૫ ડેપોની ૧000 ST બસ શરૂ કરી દેવાઈ છે. ગુજરાતમાં તૌકતે વાવાઝોડાથી અને ભારે વરસાદથી કુલ ૪૫૮ રસ્તાઓને અસર થઈ બંધ થઈ ગયા હતા. જે ૩૬૧ રસ્તાઓ માર્ગ-મકાન વિભાગ દ્વારા ૧૮મીની સાંજે ૪ વાગ્યા સુધીમાં પુનઃ શરૂ કરાયા છે, હજી ૧૧૨ રસ્તા બંધ હાલતમાં છે.

આ વિશે જાણવા મળી રહ્યું છે કે, તાઉ તે વાવાઝોડાની અસર ઓછી થતા એસ ટી વિભાગે ગઈકાલનો નિર્ણય બદલ્યો છે. હાલ રાજયના તમામ ડેપોમાં તેની સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં વાવાઝોડાએ વિનાશ વેર્યો છે, રસ્તાઓ વેરવિખેર કરી નાંખ્યા હતા. હવે જે જગ્યાએ રસ્તા સારા હોય અને કોઈ અડચણ ન હોય ત્યાં એસ ટી બસના રૂટ શરૂ કરવા સૂચના આપવામાં આવી છે. ભાવનગર અને અમરેલીમાં સર્વે કરી રૂટ ચાલુ કરવા સૂચના અપાઈ છે. મુસાફરોને હાલાકી ન પડે તે માટે આ નિર્ણય લેવાયો છે.

રાજ્યનું એસટી વિભાગ હવે રાજયમાં રસ્તા સારા હોય ત્યાં સવારથી બસ સેવા ડેપો દ્વારા શરૂ કરી શકાશે તેવી જાહેરાત કરી છે. તેમજ રાજુલા, બગસરા અને ઉના એસટી સ્ટેશન પર નુકશાન મોટા પ્રમાણમાં થયું છે. હાલ રાજયના ૧૨૫ ડેપોની મળી ૧ હજાર ટ્રીપો શરૂ કરી દેવાઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૦-૦૫-૨૦૨૧, ગુરૂવાર, વૈશાખ સુદ-૮, સૂર્યોદય-૫-૨૭, સૂર્યાસ્ત-૭-૦૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ માઘ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૦.૦૫.૨૦૨૧ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- ગ્રહોનું ભ્રમણ લાભદાયક રહે. મિલકતના કાર્યમાં લાભ માતુશ્રીનો સહકાર રહે. નોકરીમાં પગાર વધારો શકય બને.
વૃષભ(બ.વ.ઉ.) :- આર્થિક બાબતો પ્રત્યે ન ધારેલો લાભ મલવાનો અહીં તમારી મહેનતનું ફળ મલવાનું ગુસ્સો ટાળજો.
મિથુન(ક.છ.ઘ.) :- હરીફો ઉપર વિજય મલે. અગાઉ કરેલું આયોજન લાભદાયક રહે. અધિકારી વર્ગનો સહકાર રહેવાનો.
કર્ક(ડ.હ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખજો લખાણ પરત્વે કાળજી લેજો લગ્ન જીવનમાં મતભેદોથી દૂર રહેજો.
સિંહ(મ.ટ.) :- સંતાનોના સગાઈ લગ્ન કાર્યમાં સફળતા મલે. પ્રત્યેક કાર્યમાં ગતિશીલતા રહે. પિતાશ્રીનો સાથ રહે.
કન્યા(પ.ઠ.ણ.) :- નોકરીયામાં સફળતા પ્રિય પાત્રની મુલાકાત થાય ભાઈ બહેનોની સગાઈના કાર્યોમાં જશ મલવાનો.
તુલા(ર.ત.) :- નોકરી માટે ઈન્ટરવ્યું આવે. પરિશ્રમનું ફળ મલવાનું પ્રવાસ સફળ થાય ભૌતિક સુખ વધવાનું.
વૃશ્ચિક(ન.ય.) :- ઉતાવળા નિર્ણયો લેવાથી દૂર રહેજો નબળા વિચારોને ટાળજો. આત્મવિશ્વાસમાં વધારો કરવો.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- ભાગ્યવૃધ્ધિનો યોગ ઉભો થવાનો છે. તક ઝડપી લેજો અધિકારી વર્ગનો સહકાર સારો રહે.
મકર(ખ.જ.) :- મિત્રોને સમજવાની કોશિષ કરવી જરૂરી નવા રોકાણ બાબત ઉતાવળ ન કરવી. અંધશ્રધ્ધાથી દૂર રહજો
કુંભ(ગ.શ.સ.) :- અગાઉ કરેલી બચત ઉપયોગી રહેશે મિલ્કતના પ્રશ્નોમાં સફળતા મલવાની પ્રિયપાત્રની મુલાકાત થાય.
મીન(દ.ચ.ઝ.) :- લગ્ન ઈચ્છુકોને સફળતા મલવાની છે ધાર્મિક કાર્યમાં સફળતા. ભાઈ-બહેનો સાથે યાત્રા પ્રવાસ થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં આજરોજ ૭૪ કોરોના પોઝીટીવ કેસ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૭૪ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યાં છે. આજે વધું ૦૧ દર્દીએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવ્યો છે. ત્યારે જિલ્લામાંથી ૬૮ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.




આર.ટી.પી.સી.આર.ના ૯૪૦ પૈકી ૫૭ અને રેપીટ ટેસ્ટના ૭૨૮ પૈકી ૧૭ મળી આજે ૭૪ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૭૪ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૮, દાહોદ ગ્રામ્યમાંથી ૦૪, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૨, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૨, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૧૨, લીમખેડામાંથી ૦૧, ગરબાડામાંથી ૧૦, ધાનપુરમાંથી ૨૫, ફતેપુરામાંથી ૦૭ અને સંજેલીમાંથી ૦૩ કેસ નોંધાયાં છે. આજે ૬૮ લોકો કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ત્યારે એક્ટીવ કેસોની સંખ્યા ૪૮૬ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૬૮૪૬ને પાર થઈ ચુંક્યો છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| **: અર્બન વિસ્તારો :** |
| દાહોદ-૦૮ |
| દે.બારીઆ-૦૨ |
| **: ગ્રામ્ય વિસ્તારોમાં :** |
| દાહોદ-૦૪ |
| ઝાલોદ-૦૨ |
| દે.બારીયા-૧૨ |
| લીમખેડા-૦૧ |
| ગરબાડા-૧૦ |
| ધાનપુર-૨૫ |
| ફતેપુરા-૦૭ |
| સંજેલી-૦૩ |

# તાઉ તે વાવાઝોડામાં દાહોદ નગરમાં કડાણાનું પાણીની ન મળતાં જીલ્લાવાસીઓ પરેશાન

દાહોદ,

સમગ્ર દાહોદ જિલ્લામાં હાલ તાઉ તે વાવાઝોડાને પગલે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને સંલગ્ન તંત્ર દ્વારા કામગીરી પણ આરંભ કરી દેવમાં આવી છે, પરંતુ આ વાવઝોડાની અસર હાલ સુધીમાં દાહોદ જિલ્લામાં સામાન્ય રહેવા પામી છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી દાહોદમાં સામાન્ય વાવાઝોડા અને વરસાદી માહોલ વચ્ચે વીજ પુરવઠો સહિત નાની મોટી સેવાઓ પણ ખોરવાઈ રહી છે. જેમાં એક કડાણાના પાણીની સમસ્યા હાલ દાહોદના ઘણા વિસ્તારોમાં ન પહોંચતાં લોકોને પાણી માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દાહોદ શહેરના ગોદીરોડ, સહકાર નગર, પ્રસારણ નગર સહિત અનેક વિસ્તારોમાં કડાણાનું પાણી ન પહોંચતાં લોકોને છેલ્લા ત્રણ ચાર દિવસથી ભારે હાલાકી અનુભવી રહ્યાં છે અને વહેલામાં વહેલી તકે આ પાણી પુરવઠો ફરી તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉદ્ભવવા પામી છે.

વરસાદી માહોલ અને વાવઝોડાને પગલે દાહોદ શહેરમાં અને જગ્યાએ વીજ પુરવઠોડ ખોરવાયો છે. તેની સાથે સાથે ઘણા વિસ્તારોની વીજ ડીપીઓ પણ ઉડી જવા પામી છે. ઘણા સ્થળોએ વીજ થાંભલાઓ પણ ધરાશાહી થઈ ગયાં છે. લગભગ આવા કારણોસર દાહોદ શહેરવાસીઓને નિરંતર મળી રહેતું કડાણાનું પીવાના પાણીની સુવિધા છેલ્લા ત્રણ – ચાર દિવસથી બંધ છે. પાણીની આ સુવિધા બંધ રહેતાં લોકોને પાણી માટે વલખા મારવાનો વારો આવ્યો છે. દાહોદ શહેરના ગોદી રોડ, સ્ટેશન રોડ, ગોવિંદનગર, સહકાર નગર, પ્રસારણ નગરમાં છેલ્લા ત્રણ – ચાર દિવસથી પીવાનું પાણી ન પહોંચતાં લોકો હેરાન પરેશાન થતાં જોવા મળ્યાં હતાં. કારણ કોઈ પણ હોય પરંતુ તાત્કાલિક ધોરણે આ પાણી પુરવઠો પુનઃ રાબેતા મુજબ શરૂ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી શહેરીજનોમાં ઉઠવા પામી છે. ઘણા વિસ્તારેમાં લોકોને પાણીના ટેન્કરો લાવવા પણ મજબુર બન્યાં છે. આવા સમયે ઉનાળા અને ચોમાસાની ઋતુ વચ્ચે લોકો પાણી માટે વલખા મારી રહ્યાં છે.

# ધાનપુરના ૪ લગ્ન સ્થળોએ કોરોના ગાઈડ લાઈનનો ભંગ થતાં પોલીસ કાર્યવાહી

ધાનપુર,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં જુદા જુદા કુલ ૦૪ સ્થળોએ લગ્ન પ્રસંગ, ચાંદલા વિધિમાં કોરોના ગાઈડ લાઈનના જાહેરનામાનો ભંગ જણાતાં એકશનમાં આવેલ ધાનપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી નિમંત્રકો, ડી.જે. સંચાલકો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી ડી.જે. પણ જપ્ત કર્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.



ગઈકાલે એટલે કે, તારીખ ૧૭.૦૫.૨૦૨૧ના રોજ રાત્રીના સમયગાળા દરમ્યાન ધાનપુર તાલુકાના આગાસવાણી ગામે લગ્નમાં ૭૦૦ થી વધુ મહેમાનો તથા એજ ગામે બીજા લગ્નમાં ૨૦૦ થી વધુ માણસો તેમજ આમલીમેનપુર ગામ ખાતે ચાંદલા વિધિમાં ૧૦૦ જેટલા માણસો વચ્ચે પ્રસંગ યોજાયો હતો. કુલ ચાર પ્રસંગોમાં જાહેરનામાનો ભંગ જણાતાં અને હાલ કોરોના મહામારી વચ્ચે આ લગ્ન પ્રસંગ તેમજ ચાંદલા વિધિમાં સોશિયલ ડિસ્ટન્સનું સરેઆમ ઉલ્લંઘન, માસ્ક વગર ફરતાં લોકો અને ખાસ કરીને જાહેરનામાનો ભંગ જણાતાં અને આ પ્રસંગમાં ડી.જે.ના તાલે નાચગાન કરતાં હોવાની માહિતી ધાનપુર પોલીસને મળતાં પોલીસ કાફલો આ લગ્ન પ્રસંગ તેમજ ચાંદલા વિધીમાં પહોંચી ગઈ હતી તમામ નિમંત્રકો તથા ડી.જે બોલાવી વગાડી નાચગાન કરાવી સોશિયલ ડિસ્ટન્સ ભંગ કરનાર તથા રાત્રી દરમિયાન કાર્યક્રમ સ્થળે ડીજે વાહનના કેબી માં ચાર વ્યક્તિ સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરતાં જોવા મળ્યાં હતા. આ તમામ લોકો વિરૂધ્ધ ધાનપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ડીજે ડિટેઈ કરીને જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ આઈપીસી કલમ ૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૫૧(૧)બી મુજબ નિમંત્રક તથા ડી.જે સંચાલક વિરૂધ્ધ દ્વારા નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

# દાહોદમાં કોરોનાને નાથવા અસરકારક બનતો ટેસ્ટ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટનો સિદ્ધાંત

દાહોદ,

કોરોનાની બીજી લહેરને કાબુમાં લેવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવાઈ રહેલા નિયંત્રણ પગલાં અસરકારક સાબિત થઇ રહ્યા છે. દાહોદની બજારોમાં થતી ભીડ બંધ કરવા માટે આંશિક લોકડાઉન ઉપરાંત કોરોનાના દર્દીઓના ટ્રેસિંગ માટે આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી સઘન કામગીરીના કારણે કેસોનું પ્રમાણ હાલના તબક્કે ઘટ્યું છે. આમ છતાં, કોરોનાને સંપૂર્ણપણે હરાવવા માટે નાગરિકો સ્વયંશિસ્ત દાખવે એ હજુ પણ ખૂબ જ જરૂરી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કલેકટર વિજય ખરાડીએ જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં કોરોનાની સમીક્ષા માટે આવેલા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ મેડિસીન કિટ્સ બનાવી દર્દીઓને આપવા માટેનું પ્રભાવકારી સૂચન કર્યું હતું. આ બાબત પણ બીજી લહેરમાં ટર્નિંગ પોઇન્ટ સાબિત થઇ રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા આ મેડિસીન કિટ બનાવી દર્દીઓને આપવામાં આવતા માઇલ્ડ કેસોમાંથી કોરોનાને વધતો ડામી શકવામાં સફળતા મળી છે.

આરોગ્ય વિભાગ દ્વારા વિટામીન–સી, ઝિંક, લેવોસેટ્રીઝીન, એઝિથ્રોમાઇસીન સહિતની ગોળીઓની કિટ્સ બનાવી દર્દીઓને આપવામાં આવે છે. દાહોદના તમામ ૯૯ આરોગ્ય સેન્ટર, સબ સેન્ટર ઉપર આ કિટ્સ આપવામાં આવે છે. કોરોનાનો કેસ ડિટેક્ટ થાય એટલે તે દર્દીને તો આ કિટ આપવામાં આવે છે, સાથે તેના સીધા સંપર્કમાં આવતી શંકાસ્પદ વ્યક્તિને પણ આ કિટ આપવામાં આવે છે. જેથી કોરોના વાયરસને ઉગતો જ ડામી દેવામાં આવે છે. તા. ૧૮ સુધીમાં ૧,૩૫,૫૮૦ મેડિસીન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે કહ્યું હતું.

દાહોદમાં કોરોના વાયરસને નાથવા માટે સમગ્ર તંત્ર ટેસ્ટ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટના સિદ્ધાંત ઉપર કામ કરી રહ્યું છે. આરોગ્ય કેન્દ્રોમાં સવારના ભાગે ઓપીડીની કામગીરી કરવામાં આવે છે અને બપોર બાદ ફિલ્ડવર્ક આરોગ્યસેનાનીઓ દ્વારા કરવામાં આવે છે. દાહોદમાં પ્રતિકેસ દીઠ ૧૯૧ વ્યક્તિના ટ્રેસિંગ કરવામાં આવે છે. આમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોરોના સંક્રમિત દર્દીના સંપર્કમાં આવનારી વ્યક્તિનો સમાવેશ થાય છે.

કલેક્ટર ખરાડીએ એક મહત્વની વાત કહેતા જણાવે છે કે, દાહોદમાં કોરોનાના કારણે જે દર્દીઓના મૃત્યુ થયા તેમાં નગર વિસ્તાર કે તેની આસપાસ રહેતા લોકોનોનું પ્રમાણ વધું છે. ગ્રામ્ય વિસ્તારના દર્દીઓના કોરોનાના કારણે મૃત્યું થવાના કેસીસ જૂજ છે. એટલે એવું માની શકાય કે દાહોદમાં શહેરી કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોની રોગપ્રતિકારક શક્તિ વધું પ્રમાણ છે. જો કે, ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોએ હજું પણ કોરોનાની રસી લેવા બાબતે જાગૃત થવાની જરૂર છે. નાગરિકો કોરોના સામે સ્વયંશિસ્ત દાખવે, માસ્ક પહેરે, સામાજિક અંતરનું પાલન કરે તે હજું પણ જરૂરી છે. તાઉ–તે ચકવાત ચાલ્યું ગયું છે, પણ કોરોના હજું છે જ ! ઘટતા કેસની સંખ્યા જોઈ બેફિકર બનવાની કોઈ જરૂર નથી.

દાહોદમાં આંશિક લોકડાઉનના કારણે કેસોનું પ્રમાણ ઘટયું છે, તેમ કહેતા ઓક્સીજન સપ્લાયર કુતુબુદ્દીન પારાવાલા ઉમેરે છે કે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા નિયંત્રક પગલાં અસરકારક રહ્યા છે. દાહોદની બજારોમાં ભીડ ઓછી રહે તે માટે હજું પણ આંશિક નિયંત્રણોની જરૂરત છે. કેસો ઘટવાને પગલે દાહોદમાં ઓક્સીજનની માંગ પણ પણ ઘટી છે. ગત્ત તારીખ ૮ મેના રોજ દાહોદમાં ૯ ટન મેડિકલ ઓક્સીજનની ખપત હતી, તેની સામે હાલમાં સવા ટન ઓક્સીજન સપ્લાય કરવામાં આવે છે. એટલે કે, મેડિકલ ઓક્સીજનની માંગમાં ત્રણ ટનનો ઘટાડો થયો છે.

તે એમ પણ કહે છે, તાઉ–તે વાવાઝોડાની સ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયેલી ચુસ્ત વ્યવસ્થાને પરિણામે ઓક્સીજન સપ્લાયની ચેઇન જળવાઇ રહી છે. મેડિકલ ઓક્સીજનના ટેન્કર પણ સમયસર મળ્યા હતા. વાવાઝોડાની કપરી સ્થિતિમાં કોરોનાના દર્દીઓને કોઇ તકલીફ ના પડે તેનો ખ્યાલ તંત્ર દ્વારા રાખવામાં આવ્યો છે.

# દાહોદ જીલ્લામાં તાઉ તે વાવાઝોડામાં ત્રણ દિવસમાં ૩ ઈંચ વરસાદ ખાબક્યું

દાહોદ,

એક તરફ કોરોના મહામારી ત્યારે બીજી તરફ તાઉ તે વાવાઝોડાના પગલે લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે, પરંતુ વહીવટી તંત્ર પોતાની કામગીરીમાં તમામ પડકારોને પાર પાડવામાં માટે એલર્ટ છે. ત્યારે દાહોદ શહેર સહિત જિલ્લામાં આ તાઉ તે વાવાઝોડાના પગલે વરસાદી માહોલ વચ્ચે છેલ્લા ત્રણ દિવસની અંદર જિલ્લામાં કુલ સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબકી પડ્યો છે.

દાહોદ જિલ્લાના શહેરી વિસ્તારોથી લઈ ગ્રામીણ વિસ્તારો છેલ્લા ત્રણ દિવસથી પવનના સુસવાટા તેમજ વાવાઝોડા સાથે વરસાદી માહોલ જામ્યો હતો. અસહ્ય ગરમીથી લોકોને વાતાવરણમાં ઠંડક પ્રસરતાં રાહત મળી છે. ભર ઉનાળે આવેલ તાઉ તે વાવાઝોડાની અસર હેઠળ કમોસમી વરસાદને કારણે અત્યારે ઉનાળું સિઝન મુજબના બાજરી અને કઠોળના પાકો લણવા માટે તૈયાર હતાં જે ઉભા પાકો પર વરસાદ વરસતાં ખેડુતોને નુકસાન થયું હોવાનું પણ કહેવાઈ રહ્યું છે ત્યારે દાહોદ જિલ્લામાં આવેલ એપીએમસી ગોડાઉનનોમાં પણ ખુલ્લામાં મુકી રાખેલ અનાજ વિગેરે પણ પલળી જતાં વેપારીઓને નુકસાન થયું હોવાનું જણાઈ આવ્યું છે. દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ઝરમર ઝરમર વરસાદ સાથે ઘણી જગ્યાએ સતત વરસાદ પણ વરસ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી અંદર દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં કુલ ૨૨ મીમી, ગરબાડામાં ૦૭ મીમી, દેવગઢ બારીઆમાં ૨૨ મીમી, લીમખેડામાં ૧૦ મીમી, ઝાલોદમાં ૧૫ મીમી, સંજેલીમાં ૩૯ મીમી, સીંગવડમાં, ૭૬ મીમી, ધાનપુરમાં ૧૦ મીમી, ફતેપુરામાં ૧૬ મળી મળી કુલ સાડા ત્રણ ઈંચ વરસાદ છેલ્લા ત્રણ દિવસમાં દાહોદ જિલ્લામાં પડી ચુંક્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ઘુસેલા કોરોના મહામારીની હાડમારીઓ વચ્ચે ખેડુતોને માથે કમોસમી વરસાદનો ભાર પડતાં પડતા ઉપર પાટુ ખાવાનો ઘાટ સર્જાયો છે. ધરતીપુત્રો ચિંતાતુર બન્યાં છે.

# કતવારા પોલીસે દેશી તમંચા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તાલુકાના કઠલા ગામેથી એક વ્યક્તિને દેશી હાથ બનાવટની પિસ્તોલ સાથે કતવારા પોલીસે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં કોરોના મહામારીના કારણે કેટલાક નિયંત્રણો લાદી દેવામાં આવ્યા છે ત્યારે તેને લઈને પોલીસનું પેટ્રોલિંગ પણ સતત ચાલુ છે. તેવામાં દાહોદ તાલુકાના કતવારા પોલીસ મથકના પીએસઆઇ પોલીસ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન તેમને બાતમી મળી હતી કે, કઠલા ગામમાં આવેલા પીકઅપ સ્ટેન્ડ પાસે એક ઈસમ પરમીટ વગરનો હાથ બનાવટનો દેશી તમંચો લઈને ફરી રહ્યો છે. તે બાતમીના આધારે કતવારા પોલીસે ત્યાં પહોંચી તે બાતમીવાળા યુવકને દબોચી લઇ તેની અંગ ઝડતી કરતા તેની પાસેથી પરમીટ વગરનો હાથ બનાવટનો દેશી તમંચો મળી આવતા પોલીસે તેનું નામ ઠામ પૂછતાં તેને તેનું નામ રમેશ પરમાર જણાવેલ હતું. જેથી પોલીસે સદર ઈસમ પાસેથી દેશી તમંચો કબ્જે કરી તેની અટક કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

# સંજેલીમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સંજેલીના વિસ્તારોમાં ફરીને ડોર ટુ ડોરની સર્વેની કામગીરી

સંજેલી,

સંજેલી નગરના લોકોને કોરોના મહામારી વિશે સમજુતી આપવામાં આવી કોરોના ના લક્ષણો હોય તેમને ટેસ્ટ કરાવી સારવાર લેવા માટે સલાહ સૂચન આપવામાં આવ્યા. જેથી હોસ્પિટલમાં દાખલ થવાથી બચી શકાય શરદી ખાંસી જેવા સામાન્ય લક્ષણો હોય તેમને પ્રાથમિક સારવાર માટે દવાની કીટ આપવામાં આવી આરોગ્ય સેતુ એપ તેમજ અન્ય રોગો જેવાકે ટીબી લેપ્રસી ડાયરીયાર જેવા રોગોનું પણ સર્વે આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી તેમજ જરૂરિયાત સિવાય ઘરની બહાર ન જવા સૂચના આપવામાં આવી માસ્ક પહેરવું સેનેટાઈઝર ઉપયોગ કરવો વારંવાર સાબુથી હાથ ધોવા તેમજ



ભીડ વાળી જગ્યાએ જવાનું ટાળવું ૪૫ થી ઉપરના વ્યક્તિને રસી ના ડોઝ લેવાની સલાહ સુચન આપવામાં આવી.

તેમજ ૧૮ થી ૪૫ વર્ષના વ્યક્તિને રસીકરણ માટે રજિસ્ટ્રેશન કરવા આરોગ્યની ટીમ દ્વારા માહિતી આપવામાં આવી હતી. પોઝિટિવ દર્દીને વિજિટ કરી ટેમ્પરેચર માપવામાં આવ્યું હતું.

સંજેલી તાલુકામા એક સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પાંચ પીએચસી કેન્દ્ર આવેલ છે. જેમાં આજે જીલ્લા આરોગ્ય વિભાગમાંથી એક હજાર કોરોના કીટો ફાળવવામાં આવી હતી. જે જરૂરરિયાત વાળા દર્દીઓ કીટ આપવા આવી હતી.

# દાહોદની રળીયાતી ગામની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના રળીયાતી ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ તાલુકાના જાલત ગામે નાકા ફળિયામાં રહેતો પ્રકાશભાઈ પપ્પુભાઈ બીલવાળે ગત તા.૧૦મી મેના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પટાવી ફોસલાવી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ધાનપુરના ઘોડાઝર ગામની પરણીતાને સાસુ-સસરા અને પતિના ત્રાસે બે બાળકો સાથે કુવામાં ઝંપલાવ્યું

ધાનપુર,

ધાનપુર તાલુકામાં આવેલા ઘોડાઝર ગામની ૩૨ વર્ષીય પરિણીતાનો તેના પતિ તથા સાસુ–સસરા ના અસહ્ય ત્રાસ થી કંટાળી જઈને તેના બે સંતાનો સાથે લીમખેડાના બાર ગામે એક કૂવામાં ઝંપલાવી સામૂહિક આત્મહત્યા કરી લેતા અરેરાટી વ્યાપી જવા પામી છે.

લીમખેડા તાલુકામાં આવેલા રઈ ગામના ધાણકિયાં ફળિયામાં રહેતા ધીરસિંગ ભાઈ નાના ભાઈ ધાણકિયાની પુત્રી ટીનાબેનના લગ્ન આજથી ૯ વર્ષ પહેલા ધાનપુર તાલુકાના ઘોડાઝર ગામના રાજેશ શંકર ચૌહાણ સાથે જ્ઞાતિના રીત રિવાજ મુજબ થયા હતા. તેમના સુખી દાંપત્યજીવનમાં વસ્તારમાં બે સંતાનો અવતર્યા હતા. જેમાં છ વર્ષનો નિકુંજ અને અઢી વર્ષની દીકરી મહેશ્વર બેન સહિત બે સંતાનો હતા થોડાક વર્ષો તેમનો ઘરસંસાર સારી રીતે ચાલ્યા બાદ આ ટીનાબેનને તેનો પતિ રાજેશ શંકર ચૌહાણ તથા તેના સસરા શંકર ચંદ્રસિંહ ચૌહાણ સાસુ સોકલીબેન શંકર ચૌહાણ આમ ત્રણેય શખ્સો ભેગા મળીને એકબીજાની મદદગારી કરી ટીના બેન ને અવાર નવાર મારઝૂડ કરી મેણા–ટોણા મારીને શારીરિક તથા માનસિક રીતે ત્રાસ આપવા લાગ્યા હતા અને તેને જમવાનું આપતા ન હતા. જમવાનું બનાવવાનું સરસામાન પણ સંતાડી દેતા હતા ઉપરાંત પરિણીતા ટીના બેન ને વારંવાર મારઝૂડ કરી બેભાન અવસ્થામાં કરી દેતા હતા. તું હજી જીવે છે મરી કેમ ના ગઈ તેમ જણાવી મેણા–ટોણા મારીને શારીરિક તથા માનસિક ત્રાસ આપી મરી જવા માટે પ્રેરિત કરવા લાગ્યા હતા તેથી આવા અસહ્ય ત્રાસથી કંટાળી જઈને ગઈ કાલે સવારમાં આ ટીનાબેન સાસરીમાંથી તેના બે સંતાનો સાથે ઘરેથી ક્યાંક નીકળી ગઈ હતી અને પિયર માં જવાના રસ્તા ઉપર આવેલા લીમખેડા તાલુકાના બાર ગામે પહોંચી એક ઉંડા કૂવામાં તેના છ વર્ષનો પુત્ર નિકુંજ અને અઢી વર્ષની પુત્રી મહેશ્વર બેન સાથે ટીનાબેને કૂવામાં ઝંપલાવી આયખુ ટુંકાવી લીધું હતું આમ પતિ અને સાસુ સસરાના અસહ્ય ત્રાસથી કંટાળીને તેના બે સંતાનો સાથે માતાના સામૂહિક આપઘાતથી તાલુકામાં ચકચાર મચી જવા પામી હતી.

આ બનાવ સંદર્ભે મૃતક ટીના બેન ના પિતા ધીરસીંગભાઈ નાનાભાઈ ધાણકિયાએ નોંધાવેલી ફરિયાદના પગલે લીમખેડા પોલીસે તેના પતિ રાજેશ તથા સસરા શંકર ભાઈ અને સાસુ સોકલી બેન વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના સજોઈ ગામે સગીરાનું ૪ ઈસમો અપહરણ કરી દુષ્કર્મ આચરતાં ખળભળાટ

દાહોદ,

ધાનપુર તાલુકાના સજોઈ ગામે એક ૧૩ વર્ષીય સગીરાને ૦૪ ઈસમોએ અપહરણ કરી એકને ઘરે લઈ ગયાં હતાં અને જ્યાં સગીરાની માતા તેની શોધખોળ કરતાં ઘરે પહોંચી જતાં ચારેય જણાએ સગીરાની માતાને ગડદાપાટ્ટુનો માર મારી મારી નાંખવાની ધમકીઓ આપી ૧૩ વર્ષીય સગીરા ઉપર એકે બળાત્કાર ગુજારતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ધાનપુર તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય સગીરા આજથી આઠેક માસ અગાઉ પોતાના ઘરેથી ઘરની બહાર લઘુશંકા કરવા ગઈ હતી. આ દરમ્યાન સજોઈ ગામે રહેતા પીન્ટુભાઈ રૂપસીંગભાઈ તંબોલીયા, ભારતભાઈ કમજીભાઈ તંબોળીયા, શૈલેષભાઈ રૂપસીંગભાઈ તંબોળીયા અને રૂપસીંગભાઈ નરસુભાઈ તંબોળીયા આ ચારેય જણા ૧૩ વર્ષીય સગીરા પાસે આવ્યાં હતાં અને તેનું બળજબરી પુર્વક અપહરણ કરી પીન્ટુભાઈના ઘરે લઈ ગયાં હતાં. આ બાદ સગીરાની શોધખોળ કરતાં કરતાં સગીરાની માતા પીન્ટુભાઈના ઘરે પહોંચતાં જ્યાં ઉપરોક્ત ચારેય જણાએ સગીરાની માતા સાથે ઝઘડો તકરાર કરી ગડદાપાટ્ટુનો માર મારી મારી નાંખવાની ધમકી આપી હતી અને ૧૩ વર્ષીય સગીરા ઉપર પીન્ટુભાઈ રૂપસીંગભાઈ તંબોળીયાએ બળજબરીપુર્વક બળાત્કાર ગુજાર્યો હતો.

આ સંબંધે સગીરાની માતાએ ધાનપુર પોલીસ મથકે ઉપરોક્ત ચારેય યુવકો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 227

## તાઉ તે વાવાઝોડાની અસર

# પંચમહાલ જીલ્લામાં બીજા દિવસે પણ ગ્રામ્ય વિસ્તારોમાં અંધાર પટ

- જાગૃત ગ્રામજનો દ્વારા વીજ કચેરીએ જાણ કરવામાં આવી હોવા છતાં વીજ પુરવઠો શરૂ થયો નહી.
- વીજ કચેરીની ઢીલી કામગીરી ના કારણે અનેક ગામોમાં વીજ સમસ્યાથી વીજ ઉપભોક્તાઓ હેરાન પરેશાન.
- વીજ કચેરીના ગ્રાહક સહાયતા કેન્દ્ર ખાતે દિવસ દરમિયાન વીજ સમસ્યાની વધુ ફરિયાદો.

શહેરા,

શહેરા તાલુકાના વાંટાવછોડા ગામના ગ્રામજનો બે દિવસથી અંધારામાં જીવન જીવી રહ્યા છે. પવન સાથે આવેલા વરસાદના કારણે ગામમાં લાઈટો બંધ થઈ જતા ગામના જાગૃત ગ્રામજન દ્વારા વીજ કચેરીએ જાણ કરવામાં આવી હોવા છતાં વીજ પુરવઠો શરૂ થયો નહી હતો.વીજ કચેરીની ઢીલી કામગીરી ના કારણે અનેક ગામોમા વીજ સમસ્યાથી વીજ ઉપભોક્તાઓ હેરાન પરેશાન છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના વાંટાવછોડા ગામમાં ૧૦૦ ઉપરાંત ઘરો આવેલા છે. આ ગામમાં પવન સાથે આવેલા વરસાદના કારણે પાછલા બે દિવસથી લાઈટ નહી હોવાથી ગામમાં અંધારપટ છવાયો છે. ગામના જાગૃત નાગરિક દ્વારા એમ.જી.વી.સી.એલ કચેરી ખાતે જાણ કરવા છતાં વીજ પુરવઠો શરૂ થયો નહી હતો. ગ્રામજનો ને રાત્રી એ પણ અંધારામાં રહેવાનો વારો આવતા એમ.જી.વી.સી.એલ તંત્ર સામે આક્રોશ જોવા મળી રહયો હતો. હાલ તો ગ્રામજનો અંધારૂં થતાં પહેલા પરિવાર સાથે જમી લેતા હોય છે. જો મોડું થઈ જાય તો ચીમની ના અજવાળે જમવાનું જમતા હોય છે. સાથે મોબાઈલ ચાર્જ ન થતા શહેરા કે નજીકના ગામમાં મોબાઈલ ચાર્જ કરવા જવું પડતુ હોય છે. આ ગામ ના વીજ ઉપભોક્તાઓ ગુલાબસિંહ તેમજ જેસિંગભાઈ સહિતનાઓ જણાવી રહ્યા છે કે અમારા ગામ માં બે દિવસથી લાઈટ નહી હોવાથી અમારે અંધારામા રહેવું પડવા સાથે મોબાઈલ ચાર્જ કરવા બીજા ગામમાં જવું પડે છે. વીજ કચેરી એ જાણ કરી તો લાઈટ આવી જશે તેમ કહેતા હોય છે. અન્ય દિવસોમાં પણ લાઈટ છાશવારે બંધ રહેતી હોય છે, વાંટાવછોડા ગામ સહિત તાલુકાના અનેક ગામોમાં પાછલા બે દિવસથી વીજ ઉપભોક્તાઓ વીજ સમસ્યાથી હેરાન પરેશાન છે. જ્યારે વીજ કચેરી દ્વારા શહેરામાં મંગળવારના રોજ વીજ પુરવઠો બંધ રાખીને વીજ લાઈન સહિતની જરૂરી કામગીરી કરવામાં આવતી હોય તેમ છતાં વીજ સમસ્યા છાશવારે સર્જાતી હોય છે. MGVCL તંત્ર નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં વીજ સમસ્યા હલ કરવામા નિષ્ફળ નીવડી રહયું હોય તેવા અનેક સવાલો વીજ ઉપભોક્તાઓ માંથી ઉઠી રહયા છે. વીજ કચેરીના ગ્રાહક સહાયતા કેન્દ્ર ખાતે દિવસ દરમિયાન વીજ સમસ્યાની વધુ ફરિયાદો આવી રહી હોય ત્યારે એમજીવીસીએલ તંત્રના અધિકારીઓ તાલુકાના વિસ્તારમાં નિયમિત વીજ પુરવઠો મળી રહે તે માટેની કામગીરી કરે જેથી આવનાર ચોમાસામાં વીજ ઉપભોક્તાઓને અંધારામાં રહેવાની નોબત આવે નહી.

## કાલોલ ગ્રામ્ય વિસ્તારોમાં વિજ પુરવઠો રાબેતા મુજબ ન મળતા લેખિતમાં રજૂઆત

કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિજ પુરવઠો ખોરવાતા રાબેતા મુજબ વિજ પુરવઠો મેળવવા નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજુઆત.

પંચમહાલ જીલ્લામાં તાઉ તે વાવાઝોડાની અસર થી જીલ્લા તંત્રની સાવચેતી હોવા છતાં તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષો અને વિજ પોલને નુકશાન થતાં વિજ પુરવઠો ખોરવાયો હતો. કાલોલ તાલુકાના મલાવ, રાબોડ, સાલીયા, અલવા વગેરે જેવા ગામોમાં વિજ પુરવઠો રેગ્યુલર નથી. સાધારણ પવન કે વરસાદમાં વિજ પુરવઠો ખોરવાઈ જતો હોવાનો ગ્રામજનો એ આક્ષેપ કર્યો હતો. વિજ પુરવઠો ખોરવાતા મલાવ વિસ્તારના આસપાસના ગામડાઓમાં અંધેરપટ થઈ જતું હોય છે. ખેડુતોને પણ અનેક મુશ્કેલીઓ સર્જાતી જોવા મળી રહી છે. હાલ કોવિડ-૧૯ સેન્ટરો પર પણ ખોરવાયેલા વિજ પુરવઠાના કારણે દર્દીઓને મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. આજ વિસ્તારમાં હેલ્થ સેવા, ડૉકટર્સ, હોસ્પિટલ જેવા ધંધામાં પણ નુકશાનની માઠી અસર જોવા મળી છે. જેથી આ વિસ્તારમાં સમયસર વિજ પુરવઠો મળી રહે તે માટે દરેક ગ્રામ પંચાયત દ્વારા કાલોલ નાયબ કાર્યપાલ ઈજનેરને લેખિત રજુઆત કરી હતી.

# વેજલપુર ગ્રામ પંચાયતમાં દરેક કામો માત્ર કાગળ પર : શું ભ્રષ્ટાચારી પંચાયત સામે TDO તપાસ કરશે ?

વેજલપુર,

લો બોલો એક તરફ લોકો કોરોના મહામારીમાં પોતાના ધંધા રોજગાર બંધ રાખી સરકારી ગ્રાઈડ લાઈનનું પાલન કરી ને પોતાનું અને પરિવારજનોનું સ્વાસ્થય સાચવવા માટે લોકો ઘરોમા રહી સરકારીશ્રીના આદેશનું પાલન કરી રહયા છે. ત્યારે મનરેગાના અધિકારીઓ કોન્ટ્રાક્ટર સરપંચ તલાટી ક્મ મંત્રી સહિતના લોકો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજનાનો ગેરઉપયોગ કરી કોરોનાના કપરા કાળમાં પણ મનરેગાના અધિકારીઓ અને સરપંચ તલાટી ક્મ મંત્રી ભ્રષ્ટાચાર આચરીને પોતાનો વિકાસ કર્યો જેથી ૨૦૧૬ થી૨૦૨૧ સુધીના મનરેગાના કમોમા ઓનલાઈન ડેટા એન્ટ્રી ઓમાં ચેડા કરી લાખો રૂપિયાનો કૌભાંડ કર્યો હોય અને કેટલાક કામો જે જોબકાર્ડ ધારકો એ કર્યા જ ન હોય તેમના ખાતામાં લાખો રૂપિયા નાખીને મસમોટું કૌભાંડ આચર્યુ છે. એજ રીતે વેજલપુર ગામમાં આવેલ ખરસાલીયા રોડ પર નવા ચમારવાસમાં પેવર બ્લોકનું કામ એક માસ અગાઉનું બતાવી ને સ્થળ ઉપર કામ કર્યા વગર જે જોબકાર્ડ ધારકો એ કામ કર્યુ ન હોય તેવા જોબકાર્ડ ધારકોમાં એન્ટ્રીઓ કરી દેતા સ્થાનિક રહીશોમાં મનરેગા વિભાગ કચેરી અને વેજલપુર ગ્રામ પંચાયત એ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચાર્યો હોય તેવી બુમો ઉઠવા પામી છે. ત્યારે મનરેગા અંતર્ગત થયેલા કામોમાં વેજલપુર ગામના લોકોને કોઈપણ પ્રકારનો ફાયદો થયો ન હોવાથી વેજલપુર ગામના લોકો આરોપ લગાવી રહયા છે કે, વેજલપુર ગામનો વિકાસના બદલે કાલોલ તાલુકાના મનરેગા વિભાગ કચેરી ના અધિકારી અને વેજલપુર ગ્રામ પંચાયત સરપંચ તલાટી ક્મ મંત્રી એ પોતાનો વિકાસ કર્યો હોય તેમ લાગી રહયું છે. સમગ્ર વિશ્વમાં એક તરફ કોરોના મહામારી ચાલી રહી છે. ત્યારે બીજી તરફ વેજલપુર ગામનો એક પછી એક કૌભાંડ બહાર આવી રહયો છે. ત્યારે વાત કરીએ તો કાલોલ તાલુકા પંચાયતમાં આવેલ મનરેગા વિભાગ કચેરીના અધિકારીઓની તો તેમને એટલો બધો ડર લાગી ગયો છે કે, કેટલાક મસ્ટરમાં એડવાન્સ એન્ટ્રીઓ કરી હતી. તે તમામ નીલ કરી દીધી છે. મનરેગા વિભાગ અધિકારીઓને એટલી પણ ખબર નથી કે વેજલપુર ગામ અને આજુબાજુ ગામોના કૌભાંડના તે જ સમય દરમિયાન મનરેગા વેબસાઈટ ઉપર થી ઓનલાઈન તમામ પ્રકારની વિગતો પ્રાપ્ત કરી લીધી છે. જેથી જેટલા પણ મસ્ટરો માંથી એન્ટ્રીઓ નીલ કરશે તો પણ તેમનો ભ્રષ્ટાચાર છુપાસે નહિ જેથી સ્પષ્ટ લાગી રહયું છે કે, આવા ભ્રષ્ટાચાર અધિકારી અને કોન્ટ્રાક્ટરો ને તાલુકા વિકાસ અધિકારીનો આશીર્વાદ મળી રહયો છે. તેના કારણે તાલુકા વિકાસ અધિકારી મૌન ધારણ કર્યું હોય તેમ લાગે છે.


તસ્વીર : નુર બાલા, વેજલપુર

- વેજલપુર ગ્રામ પંચાયતના ભ્રષ્ટાચાર સામે TDO મૌન કેમ ?
- વેજલપુર ગામના ભ્રષ્ટાચાર સામે TDO સ્થળ તપાસ કરશે ખરા ?

## ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં તોઉ તે વાવાઝોડાની ગંભીર અસર ખેતીને ભારે નુકશાન

ગોધરા,

સમગ્ર રાજયમાં વિપરીત અસર કરનાર વાવાઝોડા એ ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તાર ને પણ મોડી સાંજે બાનમાં લીધો હતો અને ગત સાજે પાંચ વાગ્યા થી રાત્રીમાં બાર વાગ્યા સુધી ભારે પવન ફૂંકાયો હતો. આશરે ૮૦ કી.મીની ઝડપે પવન અને સાથે વરસાદના કારણે પંથકના નદીસર સહિત આસપાસના ગામોમાં તૈયાર થઈ ને કાપણની રાહ જોતા તલ, બાજરી ના પાક ની વાવાઝોડા એ સોથ વાડી દીધી હતી. જયારે ઘણા ખેડૂતો નો પાક ખેતર માં કાપેલી હાલતમાં હતો. ખેડૂતો ના જણાવ્યા મુજબ વરસાદના વાવાઝોડાના કારણે પાકમાં ખૂબ નુકશાન થયું છે અને બાજરીનો પાક કાળો પડી જવાની પુરે પુરી શક્યતા છે. જયારે તલનો પાક આટલા વધુ પ્રમાણમાં વરસાદના કારણે કહોવાઈ જાય તેવી ભીંતી છે. ત્યારે તાત્કાલિક સર્વે કરી ખેડૂતો ને વળતર મળવું જોઈએ તેવી માંગ ઉઠી છે.


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

વાવાઝોડા ના પગલે ગ્રામ્ય વિસ્તારોમાં સંખ્યા બંધ સ્થળે વૃક્ષો પડવાના બનાવો બન્યા હતા. નદીસર મોરવા માર્ગ પર ઉજળા પાસે બાવળનું તોતિંગ વૃક્ષ રોડ પર પડતાં વાહન વ્યવહાર અટકાઈ ગયો હતો. આ તરફ વીજળી ડૂલ થતા સમગ્ર વિસ્તારમાં તમામ ખાનગી કંપનીના મોબાઈલ ટાવર બંધ થતાં સમગ્ર પંથકનો સંદેશાવ્યવહાર પણ ખોરવાઈ ગયો હતો. સતત ભારે પવન અને વરસાદને લઈ ને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજામાં ગભરાટ ફેલાયો હતો.

### કોવિડ-૧૯ સામેની લડાઈમાં સહયોગ

## એલેમ્બિક ફાર્મા કંપની દ્વારા પંચમહાલ જિલ્લા વહીવટી તંત્રને ઓક્સિજન કોન્સર્નટ્રેટર્સની સહાય

ગોધરા,

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ સંક્રમણ સામે લડવા સમગ્ર દેશ એકજૂટ બન્યો છે અને વિવિધ વર્ગો બનતી મદદ કરવા આગળ આવ્યા છે. પંચમહાલ જિલ્લામાં પણ કોરોના સામેની લડતમાં જિલ્લા વહીવટીતંત્રના હાથ મજબૂત કરવા માટે વિવિધ કંપનીઓ આગળ આવી છે. આ જ શ્રેણીમાં આજે એલેમ્બિક ફાર્મા કંપની તરફથી જિલ્લા વહીવટીતંત્રને ૨૮ ઓક્સિજન કોન્સર્નટ્રેટર્સની મદદ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ આ પહેલને આવકારતા જણાવ્યું હતું કે, કોરોના સામેની લડાઈમાં આ પ્રકારની મદદ પ્રશંસનીય પહેલ છે અને જિલ્લાને મળેલ આ કોન્સર્નટ્રેટર્સ જિલ્લાની વિવિધ સરકારી હોસ્પિટલ્સ, સીએચસી અને પીએચસીમાં ફાળવવામાં આવશે. જ્યાં ૫ લિટર સુધીની ઓક્સિજનની ડિમાન્ડ ધરાવતા દર્દીઓના લાભાર્થે ઉપયોગમાં લઈ શકાશે. જેનાથી ઓક્સિજનનો વપરાશ ઘટશે અને એક વૈકલ્પિક વ્યવસ્થા મળશે. ઉલેખનીય છે કે કોરોના સંક્રમણની બીજી લહેરમાં હોસ્પિટલાઈઝ્ડ દર્દીઓમાં ઓક્સિજન વપરાશમાં વધારો નોંધાયો છે. પંચમહાલના પાનેલાવ ખાતે પ્લાન્ટ ધરાવતી એલેમ્બિક ફાર્માના સિનિયર લાઈઝન ઓફિસર અશોક પંડ્યાએ આ અંગે જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ એક વૈશ્વિક મહામારી છે અને તમામના સહયોગથી જ કોરોનાને હરાવી શકાશે. કંપનીની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટીના ભાગરૂપે આ પ્રકારની પ્રવૃતિઓ અમે સતત કરીએ છીએ. જે હેઠળ આજે ગોધરા જિલ્લા સેવાસદન ખાતે આ ૨૮ ઓક્સિજન કોન્સર્નટ્રેટર્સ આપ્યા છે. કોવિડ સામેની લડાઈમાં સહયોગ આપી શકવાનો અમને સંતોષ છે અને આગળ પણ આ પ્રકારની કામગીરી અમે ચાલુ રાખીશું. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર એલ.બી.બાંભણિયા તેમજ એલેમ્બિક કંપનીના વરિષ્ઠ અધિકારીઓ સંજય ભટ્ટાચાર્ય, શ્રી આનંદ દેસાઈ અને નવનીત રાજપૂત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

## હાલોલ નગરમાં ભુર્ગભ ગટર લાઈન નાખ્યા બાદ યોગ્ય પૂરણ નહિ કરાતા સોસાયટી વિસ્તારના રસ્તાઓ ઉપર ગાબડા પડતા રહિશોને હાલાકી


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ નગર પલિકા વિસ્તારના મોટાભાગની સોસાયટી તેમજ ગલી મહોલ્લાઓમાં ભુર્ગભ ગટર યોજના હેઠળ ખોદકામ કરીને પાઈપો નાખવામાં આવી છે. પાઈપો નાખ્યા બાદ કોન્ટ્રાકટર દ્વારા યોગ્ય પુરણ કરવામાં આવ્યું નથી કે રસ્તાની મરામત કામગીરી કરાઈ નથી. હાલ તાઉ તે વાવાઝોડાની અસરના પગલે વરસાદ ખાબકતા તમામ વિસ્તારોમાં ખાડાઓ પડતા અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

હાલોલ નગર પાલિકા વિસ્તારમાં ભુર્ગભ ગટર લાઈન યોજના અંતર્ગત તમામ સોસાયટીઓ ગલી મહોલ્લાઓમાં ભુર્ગભ ગટર લાઈનની કામગીરી કરવામાં આવી છે. ભુર્ગભ ગટર લાઈન નાખવા માટે પાઈપો નાખવા ખોદકામ કરવામાં આવ્યું હતું અને ભુર્ગભ ગટર લાઈનની પાઈપો નાખવામાં આવી છે. પાઈપ લાઈન નાખ્યા બાદ ખોદવામાં આવેલ માર્ગોને અને ગલી મહોલ્લાઓના રસ્તાઓનું યોગ્ય પૂરણ કર્યા વગર કે રસ્તાઓની મરામત કરવામાં આવી નથી. તાઉ તે વાવાઝોડાની અસર હેઠળ પંચમહાલ જીલ્લા સહિત હાલોલમાં વરસાદ ખાબકયો હતો. પરિણામે હાલ હાલોલ નગરની તમામ સોસાયટીઓ, ગલીઓ, મહોલ્લાઓના રસ્તાઓ ઉપર ગાબડા પડયા છે અને પુરણ બેસી જતાં ખાડાઓ પડી જતાં નગરજનોને હાલાકી વેઠવી પડી

## ગોધરામાં ચલણ માંથી રદ કરાયેલ ૫૦૦ના દરની ૩,૯૧,૫૦૦ સાથે ત્રણ ઈસમો ઝડપ્યા



ગોધરા,

ગોધરા શહેર બી ડીવીઝન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે, ત્રણ ઈસમો અલ્ટો ગાડીમાં સરકાર દ્વારા બંધ કરવામાં આવેલ ૫૦૦ અને ૧૦૦૦ રૂપીયાની નોટો લઈને ફરી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસના પેટ્રોલીંગ દરમ્યાન અલ્ટો કારને ઉભી રખાવી તપાસ હાથ ધરી હતી. તપાસ કરતાં ૫૦૦ના દરની ૭૮૩ નંગ રૂપીયા ૩,૯૧,૫૦૦/- સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ ઈન્સ્પેકટરને બાતમી મળી હતી કે, અલ્ટોકાર નંબર જીજે.૧૯.એ.૭૮૫૦માં ત્રણ ઈસમો જુની સરકાર દ્વારા બંધ કરવામાં આવેલ ૫૦૦ રૂપીયાની નોટોના બંડલ લઈને ફરી રહ્યા છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસની પેટ્રોલીંગ દરમ્યાન અલ્ટો ગાડીને રોકી હતી અને ચેકીંગ કરતાં કારમાં બેગમાં રાખેલ જુની રદ કરાયેલ ૫૦૦ રૂપીયાના દરની ૭૮૩ નોટો રૂપીયા ૩,૯૧,૫૦૦/- મળી આવ્યા હતા. કારમાંથી ત્રણ ઈસમો શૈલેષભાઈ અંબાલાલ પટેલ, ઈસરાર નૂર પઠાણ, ફિદાલી ફિરોજભાઈ વલીકરીમવાલાને ઝડપી પાડવમાં આવ્યા છે. ત્રણ ઈસમો પાસેથી અલ્ટો કાર ૬૦હજાર રૂપીયા, મોબાઈલ ફોન નંગ-૩ કબ્જે લેવામાં આવ્યા. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં આજરોજ ૧૦૪ કોરોના કેસ નવા નોંધાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોવિડ-૧૯ સંક્રમણના નવા ૧૦૪ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૮૯૭૧ થવા પામી છે. ૬૫દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૧૨૫૮ થવા પામી છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા તમામ કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૨૪ અને હાલોલમાંથી ૦૭ કેસો મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાંથી મળી આવેલા કેસોની સંખ્યા ૫૨૬૧એ પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલા કેસો જોઈએ તો ગોધરાના ગ્રામ્યમાંથી ૦૯, હાલોલ ગ્રામ્યમાંથી ૧૭, કાલોલ ગ્રામ્યમાંથી ૩૮, મોરવા હડફ ગ્રામ્યમાંથી ૦૨, શહેરા ગ્રામ્યમાંથી ૦૩ અને ઘોઘંબા ગ્રામ્યમાંથી ૦૪ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવતા કેસની સંખ્યા ૩૭૧૦ થવા પામી છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૬૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૭૫૨૮ થવા પામી છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૧૨૫૮ થઈ છે, જેમની સારવાર ચાલી રહી છે.




### પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી

: શહેરી વિસ્તાર :
ગોધરા-૨૪
હાલોલ - ૦૪

: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા - ૦૯
હાલોલ - ૧૭
કાલોલ - ૩૮
મોરવા(હ) - ૦૨
શહેરા - 03
ઘોઘંબા - ૦૪